eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 387
March 13, 2015



## પ્રેસનોટ

માન. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના શુભ હસ્તક તા. ૦૮/૦૩/૨૦૧૫ના આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે 'અભયમ મહિલા હેલ્પ લાઈન ૧૮૧' નો રાજય વ્યાપી વિસ્તરણનો કાર્યક્રમ ટાઉન હોલ ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ જે કાર્યક્રમનું બાયસેગ દ્વારા જીવંત પ્રસારણ સુરત જિલ્લા સેવા સદન, બી બ્લોક, પાંચમા માળ ખાતે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના અત્રેના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં આજરોજ તા.૯/૦૩/૧૫ લારી–ગલ્લાના દબાણો હટાવવા ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી આ ઝુંબેશમાં શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગ દ્વારા સંયુકત રીતે રીતે હાથ ધરાઈ હતી. ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ :: આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી

૮મી માર્ચે દર વર્ષે સમગ્ર વિશ્વમાં મહિલાઓની સિધ્ધિઓ અને યોગદાન બદલ "આંતરરાષ્ટ્રીય મહિલા દિન"ની ઉજવણી કરવામાં આવે છે. આ "આંતરરાષ્ટ્રીય મહિલા દિન"ની ઉપલક્ષ્યમાં નારી જગતની જાગૃતિ, એકતા અને સંગઠન ભાવનાની જયોત પ્રબળ બને તે હેતુથી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ – નોર્થઝોન (કતારગામ) –'સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૭/૦૩/૨૦૧૫ અને તા.૦૮/૦૩/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.
આરોગ્ય વિભાગ દ્વારા ૫૫૫ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૧૧૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૬૦ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના ઈસ્ટ (વરાછા) ઝોનના આરોગ્ય વિભાગ ધ્વારા સ્વાઈન ફલુ અટકાયત તેમજ જનજાગૃતિ અભિયાન સંદર્ભે કરવામાં આવેલ કામગીરીની અખબારી યાદી

(૧) હિરાનાં ૯૨ જેટલા મોટા કારખાનાઓમાં તેમજ ૨૭૦ નાના કારખાનાઓમાં કુલ ૨૯૭૨૦ જેટલા કારીગરોને હેલ્થ એજયુકેશન આપી તેમજ સ્વાઈન ફલુ અટકાયત માટે સમજ આપી.
(૨) ૧૪૬ શાળાઓમાં અંદાજે ૪૩૦૦૦ જેટલા બાળકોને સ્વાઈન ફલુ અટકાયત માટે સમજ આપી....

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ – ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ /સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર(બી)અને કાર્યપાલક ઈજનેરશ્રી સીધા માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારના વોર્ડ નં. ૪,પદમાવતી માર્કેટ,સહારાદરવાજા સુરત,ખાતે આવેલ મિલ્કત નોંધ નં.૨૧૯૦ અને ૨૧૯૧ વાળી મિલ્કતમાં મિલ્કત માલિક દ્વારા મંજૂર પ્લાન વિરૂધ્ધ આશરે ૯૦૦ ચો.ફૂટ વિસ્તારમાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ – મિલકતવેરો તથા વ્યવસાયવેરાની બાકી માંગવા બાબતે

સુરત મહાનગરપાલિકાના વરાછા ઝોન ના કાર્યક્ષેત્ર હેઠળનાં અલગ અલગ વિસ્તારોમાં ઘણાં લાંબા સમયથી મિલકતવેરો તથા વ્યવસ્યવેરો ભરપાઈ કરતાં ન હોવાથી તેઓને સમયાંતરે નોટીસો આપવામાં આવેલ.તેમ છતાં પણ તેઓ તરફથી મિલકતવેરો તેમજ વ્યવસયવેરાનાં નાણા ન ભરતાં આસી.મ્યુ.કમિશનરશ્રી નાં માર્ગદર્શન હેઠળ અત્રેનાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસ નોટ – માહે ફેબ્રુઆરી ૨૦૧૫ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે ફેબ્રુઆરી ૨૦૧૫ દરમ્યાન ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૧૧૫૮૩ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બીના નવા ૭૦૩ અને જુના ૨૫૭૪ દર્દીઓ સહીત કુલ ૩૨૭૭ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૩૨૫ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ – સાઉથઝોન(ઉધના) – સુરત મહાનગરપાલિકા

તા.૧૦.૦૩.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૧૩ ફાઈલના રૂા.૧૦.૦૦ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–૦૬ લોકેશન(ખાડા) ૧૮૦.૦૦ ર.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૯ લોકેશન ૪૧૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ – ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ટાઉન પ્લાનર(બી) અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૦૫, નોંધ નં.૫૬૯, ગોળવાળા ચકલા, સુરત વાળી મિલ્કતમાં મિલ્કતદાર શ્રી કિશોરભાઈ મુલચંદાની તથા બીજાઓ દ્વારા મહાનગરપાલિકાની પરવાનગી વગર ભોંયતળીયા તથા બે માળમાં ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ – નોર્થઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૯/૦૩/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.
આરોગ્ય વિભાગ દ્વારા ૨૮૮ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૬૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૭,૪૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૩ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા – સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન – અખબારી યાદી

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.
(૧) ટી.પી.સ્કીમ નં.૨૮(અલથાણ–ભટાર)માં આઝાદનગર રોડ પર ફા.પ્લોટ નં.૧૩૩, ૧૩૬ તથા ૧૩૭ માં આવેલ તડકેશ્વરનગર–૧, તડકેશ્વરનગર–૨ તથા તડકેશ્વરનગર મહોલ્લામાંથી પસાર થતી કુદરતી પ્રવાહની ખાડી ઉપર થયેલ આશરે ૧૦૦ કાચી–પાકી મિલ્કતો પૈકીનું ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ – મિલકતવેરો ભરપાઈ નહીં થતા સેન્ટ્રલ ઝોનમાં આવેલ ૦૧ (એક) મિલકતનું જાહેર લીલામીથી વેચાણ



સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ મિલકતો પૈકી લાંબા સમયથી મિલકતવેરાની રકમ ભરપાઈ ન થતાં કુલ ૭(સાત) મિલકતોની વેરા વસુલાત અર્થે જાહેર લીલામીથી વેચાણ કરવાનું નકકી થયેલ.જે અંર્તગત આજરોજ તા.૧૦–૦૩–૨૦૧૫ ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે સેન્ટ્રલ ઝોનના વહીવટી ભવન ખાતે કોન્ફરન્સ રૂમમાં ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને "સ્વચ્છ ભારત અભિયાન" અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસ નોટ – સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ના જુદા જુદા વિસ્તારમાં ટીમ બનાવી ઘનિષ્ઠ વેરા વસુલાત કરતા રૂા.૨૭,૦૦,૦૦૦/– થી વધુની વેરા વસુલાત કરવામાં આવેલ છે.

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ના જુદા જુદા વિસ્તારમાં તા.૦૯/૦૩/૧૫ ના રોજ વેરા વસુલાત ઝુંબેશ વધુ વેગવાન બનાવામાં આવેલ છે.વેરા ભરપાઈ કરવા બાબતે અત્રેના ઝોનના સ્લમ વિસ્તાર,માર્કેટ વિસ્તારમાં તથા રેસીડેન્સ વિસ્તારમાં આકારણી અને વસુલાત વિભાગના કર્મચારીઓ અને મહેકમ વિભાગના કર્મચારી દ્વારા ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ – સાઉથઝોન(ઉધના) – સુરત મહાનગરપાલિકા

તા.૧૧.૦૩.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૫૦ ફાઈલના રૂા.૩૨.૪૨ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–૦૯ લોકેશન(ખાડા) ૨૭૦.૦૦ ર.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૭ લોકેશન ૨૬૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ – નોર્થઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૦/૦૩/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.
આરોગ્ય વિભાગ દ્વારા ૨૫૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૬૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૧,૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૨ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ

સુરત શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ વિવિધ કોમર્શીયલ સંસ્થા / દુકાનો પૈકી ઘણી સંસ્થાઓ દ્વારા તેઓની પ્રિમાઈસીસમાંથી ઉત્પન્ન થતો કચરો એકત્રિત કરવા ડસ્ટબીન રાખતા ન હોવાનું કે ડસ્ટબીનમાં કચરો એકત્રિત ન કરી, જાહેર માર્ગ ઉપર સરેઆમ કચરો ફેંકતા હોવાનું ધ્યાને આવેલ છે. જેથી "સ્વચ્છ સુરત, સુંદર ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ– દબાણ દુર કર્યાની વિગત

સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર(બી) અને કાર્યપાલક ઈજનેરશ્રી (સેન્ટ્રલ ઝોન) ની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેર, ડે.ઈજનેર તથા દબાણ વિભાગના કર્મચારીઓ સહિતના સ્ટાફ ધ્વારા સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તાર ચોક બજાર ચાર રસ્તાથી ચોક બજાર ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ – સાઉથઝોન(ઉધના) – સુરત મહાનગરપાલિકા

તા.૧૨.૦૩.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૯૧ ફાઈલના રૂા.૨૭.૬૦ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–૦૭ લોકેશન(ખાડા) ૨૫૦.૦૦ ર.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૧૦ લોકેશન ૩૦૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ – નોર્થઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૧/૦૩/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.
આરોગ્ય વિભાગ દ્વારા ૨૫૭ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૬૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૧,૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૦ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે....

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ

તાપી નદી ઉપર કેબલ સ્ટે પ્રકારના પુલની બાંધવાની કામગીરીના અનુભવી અને સક્ષમ ઈજારદાર ગેમન ઈન્ડીયા લી., મુંબઈને સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૭૧૩/૧૦ તા.૦૪/૦૯/૧૦ને આધીન રૂા.૧૪૩.૬૫ કરોડના પ્રોજેકટ કોસ્ટથી અત્રેના ખાતાનાં પત્ર નં.બ્રીજસેલ/ આ./૧૧૧૦, તા.૦૭/૦૯/૧૦નાં વર્કઓર્ડરથી સોંપવામાં ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ – સાઉથઝોન(ઉધના) – સુરત મહાનગરપાલિકા

તા.૧૩.૦૩.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૮૬ ફાઈલના રૂા.૩૪.૪૨ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–૦૬ લોકેશન(ખાડા) ૩૨૦.૦૦ ર.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૯ લોકેશન ૨૩૫૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૦૭/૦૩/૧૫ થી તા.૧૩/૦૩/૧૫ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ – નોર્થઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૨/૦૩/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૫૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૩,૮૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૪ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સ્મીમેર હોસ્પીટલ–કોલેજ – પ્રેસનોટ

કાસ્મીમેર હોસ્પીટલમાં તા.૦૬/૦૩/૨૦૧૫ થી તા.૧૨/૦૩/૧૫ દરમ્યાન સારવાર લીધેલ પેશન્ટોની આંકડાકીય માહિતી. વધુમાં મીલ્ક બેંક, આઈ બેંક વિગેરેની સુવિધા પણ ઉપલબ્ધ છે. જે ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે. ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસ નોટ

માન. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના શુભ હસ્તક તા. ૦૮/૦૩/૨૦૧૫ના આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે 'અભયમ મહિલા હેલ્પ લાઈન ૧૮૧' નો રાજય વ્યાપી વિસ્તરણનો કાર્યક્રમ ટાઉન હોલ ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ જે કાર્યક્રમનું બાયસેગ દ્વારા જીવંત પ્રસારણ સુરત જિલ્લા સેવા સદન, બી બ્લોક, પાંચમા માળ ખાતે સવારે ૧૧.૦૦ થી ૧૨.૦૦ કલાકે કરવામાં આવેલ. જેમાં શ્રી નાનુભાઈ વાનાણી, માન. મંત્રીશ્રી. રમત–ગમત, યુવા સેવા, સાંસ્કૃતિક પ્રવૃતિઓ (સાંસ્કૃતિક હવાલો), જળસંપતિ(કલ્પસર સિવાય), શિક્ષણ(પ્રાથમિક,માધ્યમિક, પ્રૌઢ) માન. મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, મા.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ ,ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ,ધારાસભ્યશ્રી અજયકુમાર ચોકસી,ધારાસભ્યશ્રી રાજેન્દ્રભાઈ પટેલ,ડેપ્યુટી મેયર શ્રીમતી રંજનબેન વેકડીયા,સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવ શાહ,કલેકટરશ્રી રાજેન્દ્રકુમાર ,અન્ય સામાજીક અગ્રણીઓ તથા મહિલા કોર્પોરેટરશ્રીઓ આ સમારંભમાં હાજર રહયા હતા. માન.મુખ્યમંત્રીશ્રીના જીવંત પ્રસારણના કાર્યક્રમ બાદ એક/બે દીકરીવાળા ૧૭ કુટુંબીજનોને મહાનુભવો હસ્તક સન્માનપત્રો તથા ફળોની ટોપલી આપવામાં આવી હતી. ત્યારબાદ સુરત જિલ્લા તથા શહેરને ફાળવેલ'અભયમ મહિલા હેલ્પ લાઈન ૧૮૧ રેસ્કયુ વાન' નું પ્રસ્થાન માન.મંત્રીશ્રી નાનુભાઈ વાનાણી તેમજ અન્ય મહાનુભવો હસ્તક લીલી ઝંડી આપી કરવામાં આવ્યુ હતું.







આ વાન મહિલાઓની મુશ્કેલીઓના અણીના સમયે તેમને મદદરૂપ થશે તેવું માન.મંત્રીશ્રીએ જણાવેલ હતું આ વાનમાં એક કાઉન્સેલર અને બે પોલીસ કોન્સ્ટેબલ હશે અને તેનું સંચાલન પોલીસ ખાતુ તથા જીવીકે ઈ.એમ.આર.ઈ. દ્વારા થશે.હાલમાં સુરત શહેર ખાતે'અભયમ રેસ્કયુ વાન' કતારગામ તથા પાંડેસરા પોલીસ સ્ટેશન ખાતે મુકવામાં આવેલ છે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન આઈ.સી.ડી.એસ. વિભાગ સુરત મહાનગરપાલિકા તથા આઈ.સી.ડી.એસ. વિભાગ જિલ્લા પંચાયત સુરત દ્વારા કરવામાં આવેલ હતું.

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના અત્રેના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં આજરોજ તા.૯/૦૩/૧૫ લારી–ગલ્લાના દબાણો હટાવવા ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી આ ઝુંબેશમાં શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગ દ્વારા સંયુકત રીતે રીતે હાથ ધરાઈ હતી.

જેના ભાગરૂપે સાલાસર હનુમાન ગેટ થઈ મહાવીર માર્કેટ સુધીના રીંગરોડ વિસ્તારને સંલગ્ન કોમર્શીયલ / માર્કેટ વિસ્તારના માર્ગો પર હોકિંગ ઝોનની આડમાં ઉભી રહેતી લારીઓને કારણે ખૂબ જ ટ્રાફિક જામની ગંભીર સમસ્યા રહેતી હોય તથા સ્થાનિક રહીશો તથા સ્થાનિક વેપારીઓ તથા ફોસ્ટાના આગેવાનો દ્વારા પણ સદરહુ દબાણો દુર કરવા વારંવાર મૌખિક તેમજ લેખિત ફરિયાદ કરવામાં આવેલ. જે અંતર્ગત આજરોજ ટ્રાફિકની સમસ્યા દુર કરવાના ભાગરૂપે ઝોનલ ચીફશ્રી ની સુચના અને કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ ઝોન મારફત સદરહુ લારી ગલ્લાનાં દબાણો ઉપાડવાની ઝુંબેશ શરૂ કરવામાં આવેલ છે. જે અંતર્ગત રસ્તાઓ ઉપર ઉભી રહેતી તેમજ ગેરકાયદેસર રીતે વેપલો કરતા ઈસમોની પાન મસાલાના વેચાણની લારી, પ્લાસ્ટિકની થેલીઓના વેચાણની લારી,નાસ્તાની લારી, ચા ની લારીઓ, શેરડીના રસના વેચાણની લારી ,લસ્સીની ફ્રિજર સહિતની લારીઓ વિ.જેવી કુલ – ૨૩ જેટલી ખુલ્લી તેમજ બંધ લારીઓ જપ્ત કરવામાં આવેલ છે .

ઉપરોકત કામગીરીમાં ઝોનના ટેકનીકલ / દબાણ વિભાગનો સ્ટાફ તથા દબાણ વિભાગની ટીમના ૧૫ બેલદારોએ સદર કામગીરીમાં ભાગ લીધેલ છે. જેના પરીણામે ગેરકાયદેસર પ્રવૃતિઓ કરતા તત્વો પર અંકુશ આવશે.

# :: પ્રેસનોટ :: આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી



૮મી માર્ચે દર વર્ષે સમગ્ર વિશ્વમાં મહિલાઓની સિદ્ધિઓ અને યોગદાન બદલ ''આંતરરાષ્ટ્રીય મહિલા દિન''ની ઉજવણી કરવામાં આવે છે. આ ''આંતરરાષ્ટ્રીય મહિલા દિન''ની ઉપલક્ષ્યમાં નારી જગતની જાગૃતિ, એકતા અને સંગઠન ભાવનાની જયોત પ્રબળ બને તે હેતુથી સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૮/૦૩/૨૦૧૫ને રવિવારના રોજ બપોરે ૩.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાના નવી એનેક્ષી બિલ્ડીંગના સરદાર ખંડમાં સમાજના વિવિધ ક્ષેત્રોમાં યોગદાન આપનાર મહિલાઓનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. મ્યુનિસિપલ કમિશનરશ્રી મિલિન્દ તોરવણેએ ઉપસ્થિત સર્વેને સુરત મહાનગરપાલિકા વતી આવકારતાં જણાવ્યું હતું કે આજે મહિલાઓ આજે દરેક ક્ષેત્રે અગ્રેસર છે અને તેઓ ખૂબ જ સારી રીતે વહીવટકર્તા પૂરવાર થઈ રહ્યા છે. આ પ્રસંગે મા.સાંસદશ્રી દર્શનાબેનએ સુરત મહાનગરપાલિકાના સભાખંડમાં આવતાં જ જુના સંસ્મરણોને વાગોળતાં મહિલાઓના સશકિતકરણ માટે સંકલ્પબધ્ધ ગુજરાત સરકારે રાજકીય ક્ષેત્રે ૫૦% પ્રતિનિધિત્વની સરાહના સાથે આવનાર બહેનોને હોદ્દા સાથે જવાબદારી નિભાવવાની ટકોર કરી હતી. સ્ત્રીઓએ સ્ત્રીની મિત્ર બનીને રહેવા જણાવ્યું હતું. સરકારશ્રીના મહિલાઓની સરંક્ષણ માટે યોજનાઓ સાથે પુરૂષોએ પણ પોતાની માનસિકતામાં બદલાવ લાવવાની હિમાયત કરી હતી. સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત અઠવાડિયાના એક દિવસે શેરીઓમાં સફાઈ કરી જોડાવાની હાકલ કરી હતી. પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં શહેરના પ્રથમ નાગરિક અને મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાએ જણાવ્યું હતું કે, ૮મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે જ નહીં પણ પ્રત્યેક દિવસે વાણી, વ્યવહાર, વર્તન દ્વારા મહિલાઓનું સન્માનિત કરવાની હાકલ કરી હતી. ધાર્મિક અને ઐતિહાસિક સ્ત્રી પાત્રોના ઉદાહરણ આપી દુનિયાને રાહ ચીંધનાર નારી રત્નોને યાદ કર્યા હતા. સાથે જ લોકગીતોની પંકિતઓ ટાંકીને જુદા જુદા સ્ત્રી ચરિત્રોને દર્શાવી બહેનોને એકબીજાના હરીફ નહીં પણ પુરક બની રહેવા જણાવ્યું હતું. સમાજમાં મહિલા વર્ગને દરેક ક્ષેત્રે ઉચિત અને પુરતી તકો ઉપલબ્ધ કરાવી, સમોવડિયા ગણી માનની નજરે જોવું જોઈએ. ત્યારબાદ ન્યાય, કાયદો અને સુવ્યવસ્થા, પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડિયા, સાહિત્ય, સમાજસેવા, વિગેરે ક્ષેત્રે કાર્યરત અગ્રણી મહિલાઓ તથા ચૂંટાયેલા મહિલા પદાધિકારીશ્રીઓનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. અંતમાં ડે.મેયરશ્રીમતી રંજનબેન વેકરીયાએ સૌનો આભાર માન્યો હતો. આ પ્રસંગે ધારાસભ્યશ્રીમતી સંગીતાબેન પાટીલ, મ્યુ.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે, શાસક પક્ષના નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી કિશોરીબેન કાપડીયા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીગણ અને શહેરના નગરજનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## પ્રેસનોટ – નોર્થઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૭/૦૩/૨૦૧૫ અને તા.૦૮/૦૩/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૫૫૫ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૧૧૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૬૦ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૮૭૩૬ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૬૪ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૩૪ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કતારગામ દરવાજાથી બાળાશ્રમ, કુબેરનગર, પારસ સોસાયટી વિ., ડભોલી, ફુલપાડા નવી/ જુની જી.આઈ.ડી.સી., સિંગણપોર, વેડરોડ પંડોળ ઈન્ડ., ડભોલી સિંગણપોર રોડ, બાપાસીતારામ ચોક, મગનનગર, વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર, અખંડ આનંદ સ્કુલની સામેનો વિસ્તાર ત્રિલોકનગર, મીનાનગર, ઈ.ડબલ્યુ.એસ. આવાસ વિગેરે વિસ્તારમાંથી કુલ ૭૦૧ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૨૫,૨૫,૪૧૨/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે. તથા ૨૫ મિલ્કતોને ઈ.ડબલ્યુ.એસ. આવાસ કોસાડ ખાતે સીલ મારવામાં આવેલ છે જેની સ્થળ ઉપર રૂા.૫૧,૨૪૦/– અને ૦૩ મિલ્કતોને કુબેરનગર, વેડ દરવાજા સ્થળ ઉપર રૂા.૫૮,૬૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૫૩ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૩ એન્ટ્રીમાં રૂા.૫૩,૫૩૯/– અને આર.સી.ની. ૩૦ એન્ટ્રીમાં રૂા.૩,૭૬,૮૭૦/– મળી કુલ રૂા.૪,૩૦,૪૦૯/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૨ એન્ટ્રીમાં રૂા.૬૦/–, રીન્યુઅલની ૦૮ એન્ટ્રીમાં રૂા.૪૮૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૮ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૪ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૭ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

શહેર વિકાસ ખાતા દ્વારા આઈ.સી.ના નાણાં પેટે ફાયનલ ટી.પી. (વ્યાજ સહિત)ના રૂા.૧,૦૧૪/– ની વસુલાત કરવામાં આવેલ.

ઈમ્પેકટ ફી પેટે ૧૧૨ ફાઈલોના રૂા.૧૫,૬૦,૨૪૩/– ની વસુલાત કરવામાં આવેલ.

જમીન મિલ્કત વિભાગ દ્વારા EWS આવાસ વસુલાત રૂા.૧,૫૬,૫૫૦/–, મિલ્કત ભાડાના રૂા.૨,૩૦૯/–, મંડપ ચાર્જના રૂા.૪,૭૬૩/–, દબાણ ચાર્જના રૂા.૬,૫૦૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૨૨,૪૦૪/– મળી કુલ રૂા.૧,૯૨,૫૨૬/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા ધ્વારા ૧૬ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકાના ઈસ્ટ (વરાછા) ઝોનના આરોગ્ય વિભાગ ધ્વારા સ્વાઈન ફલુ અટકાયત તેમજ જનજાગૃતિ અભિયાન સંદર્ભે કરવામાં આવેલ કામગીરીની અખબારી યાદીઃ–

(૧) હિરાનાં ૯૨ જેટલા મોટા કારખાનાઓમાં તેમજ ૨૭૦ નાના કારખાનાઓમાં કુલ ૨૯૭૨૦ જેટલા કારીગરોને હેલ્થ એજયુકેશન આપી તેમજ સ્વાઈન ફલુ અટકાયત માટે સમજ આપી.

(૨) ૧૪૬ શાળાઓમાં અંદાજે ૪૩૦૦૦ જેટલા બાળકોને સ્વાઈન ફલુ અટકાયત માટે સમજ આપી.

(૩) ૪૩ વીડીયો થીયેટરમાં સ્વાઈન ફલુ અટકાયત માટે સમજ આપી તથા માસ્કનો ઉપયોગ કરાવવા અમલવારી કરાવેલ છે.

(૪) કુલ ૯૫,૨૫૦ જેટલા ઘરોમાં હાઉસ ટુ હાઉસ સર્વે કરી કુલ ૧૭૦ શરદી, ખાંસી સાથે તાવનાં લક્ષણો ધરાવતા દર્દીઓ હેલ્થ સેન્ટરો/ સ્મીમેર હોસ્પીટલ ખાતે વધુ તપાસ અર્થે રીફર કરવામાં આવેલ.

(૫) કુલ ૦૫ ઓટો રીક્ષા ધ્વારા વરાછા ઝોનની તમામ સોસાયટીઓ તેમજ ઈન્ડસ્ટ્રીયલ તેમજ કોમર્શીયલ વિસ્તારોમાં પ્રચાર પ્રસાર કરી અંદાજે ૨૦,૦૦૦ જેટલી આરોગ્ય લક્ષી શિક્ષણ માટેની પત્રિકાઓનું વિતરણ કરવામાં આવેલ.

(૫) સુરત રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ નંબર–૪ ખાતે છેલ્લા ૧૪ દિવસમાં હેલ્થ એજયુકેશન દરમ્યાન કુલ – ૧૪૯૯ લોકોને માસ્ક વિતરણ કરી તેઓને શરદી, ખાંસી સાથે તાવનાં લક્ષણો હોવાથી તેઓને નજીકનાં આરોગ્ય કેન્દ્ર ખાતે તપાસ કરાવવા સમજણ આપી. તેમજ ૫૩૨૫ પત્રિકાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૬) વરાછા ઝોન, સુરત મહાનગરપાલિકા ધ્વારા સ્થાનિક કોર્પોરેટરશ્રીઓ સાથે સંકલન કરી અલગ અલગ સ્થળોએ સ્વાઈનફલુ અંર્તગત કુલ ૩૦,૧૭૦ વ્યકિતઓને ઉકાળા પીવડાવવામાં આવેલ. આ ઉપરાંત અલગ અલગ સામાજીક તેમજ સ્વૈચ્છીક સંસ્થાઓ ધ્વારા કાપોદ્રામાં ૩૦૦૦ વ્યકિતઓ, કરંજ–એ.માં ૩૮૫૦ વ્યકિતઓ તેમજ પુણામાં ૬૮૫૦ વ્યકિતઓને ઉકાળા પીવડાવવા માટે સંકલન કરેલ છે.

(૭) ૧૭૨ ખાણીપીણીની લારીઓ/સંસ્થાઓ પર સઘન ચેકીંગ કરીને તે પૈકી ૪૭ સંસ્થાઓમાં ખામી જણાતા ૩૪,૩૦૦/– રૂા. વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો, તથા ૫૪ કિ.ગ્રા. અખાદ્ય ખોરાકનો નાશ કરવામાં આવ્યો.

(૮) વરાછા વિસ્તારમાં આવેલ કુલ ૨૮ પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોકની સ્વચ્છતા બાબતે ચકાસણી કરવામાં આવેલ.

(૯) ઝોનનાં પાણીખાતા ધ્વારા પાંચ જગ્યાએ પીવાના પાણીનાં લીકેજ રીપેર કરવાની કામગીરી તથા આરોગ્ય ખાતા મારફતે ૩૩ જગ્યાએ ગલીટ્રેપ ચોકીંગની ફરીયાદોનો નિકાલ કરવાની કામગરી કરવામાં આવેલ છે.

(૧૦) દિનદયાળ નગર વિસ્તારમાં ઝોનનાં દબાણ ખાતા સાથે સંકલિત કામગીરી કરી બિનઅધિકૃત માંસ/મટનનું વેચાણ કરતાં ઈસમો વિરૂધ્ધ સ્કવોર્ડની કામગીરી કરી ઈંડા, માછલી તથા મરઘી જપ્ત કરવામાં આવી તથા વેચાણમાં ઉપયોગમાં લેવાતા પ્લાસ્ટીકનાં કેરેટ તથા પાંજરા જપ્ત કરવાની કામગીરી કરાવવામાં આવી.

(૧૧) ઝોન વિસ્તારમાં ૬૫ ન્યુસન્સ સ્પોટ તથા ૧૧૨ કન્ટેઈનર સ્પોટની સફાઈ કરી ૩૭૭૧ કિ.ગ્રા. જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ છે.

(૧૨) માર્કેટ વિભાગ ધ્વારા ૧૭૨ સંસ્થાઓ ચેક કરી, ૧૫૧ ઈસમો પાસેથી રૂા.૬૩૮૦/– ની વહીવટી પરચુરણ ખર્ચની વસુલાત કરવામાં આવેલ છે. તેમજ ૧૫ કિ.ગ્રા. પ્રતિબંધીત પ્લાસ્ટીક જપ્ત કરવામાં આવેલ છે.

## પ્રેસનોટ – ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :

(૧) સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ /સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર(બી)અને કાર્યપાલક ઈજનેરશ્રી સીધા માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારના વોર્ડ નં. ૪,પદમાવતી માર્કેટ,સહારાદરવાજા સુરત,ખાતે આવેલ મિલ્કત નોંધ નં.૨૧૯૦ અને ૨૧૯૧ વાળી મિલ્કતમાં મિલ્કત માલિક દ્વારા મંજૂર પ્લાન વિરૂધ્ધ આશરે ૯૦૦ ચો.ફૂટ વિસ્તારમાં બનાવેલ ચણતરની દિવાલો તોડી પાર્કિંગ આજ રોજ તા.૦૯/૦૩/૧૫ ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ /સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર(બી)અને કાર્યપાલક ઈજનેરશ્રી સીધા માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારના વોર્ડ નં. ૪,ગોલ્ડન પોઈન્ટ પાસે, જયશ્રી માતાજી કોમ્પલેક્ષ ફાલસાવાડી,સુરત,ખાતે આવેલ મિલ્કત નોંધ નં.૧૬૪૧ વાળી મિલ્કતમાં મિલ્કત માલિક દ્વારા મંજૂર પ્લાન વિરૂધ્ધ આશરે ૧૧૦૦ ચો.ફૂટ વિસ્તારમાં બનાવેલ ચણતરની દિવાલો તોડી પાર્કિંગ આજ રોજ તા.૦૯/૦૩/૧૫ ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.

દબાણ દુર કર્યાની વિગત :–

(૩) સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ / સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર(બી) અને કાર્યપાલક ઈજનેરશ્રી (સેન્ટ્રલ ઝોન) ની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેર, ડે.ઈજનેર તથા દબાણ વિભાગના કર્મચારીઓ સહિતના સ્ટાફ ધ્વારા આજે તા.૦૯/૦૩/૨૦૧૫ ના રોજ સેન્ટ્રલ ઝોન વિસ્તારના મોટી બેગમવાડી વિસ્તારમાં સમાવિષ્ટ ટેક્ષટાઈલ માર્કેટો જેવા ગીચ અને ટ્રાફિક ની સમસ્યા ધરાવતા વિસ્તારમાં આર.કે.ટી. ટેક્ષટાઈલ માર્કેટ, આદિનાથ માર્કેટ, સીટીઝન માર્કેટ, શંકર માર્કેટ, મનીષ માર્કેટ તથા વર્ધમાન માર્કેટ સુધીના સમગ્ર વિસ્તારમાં લારી– ગલ્લાવાળા તથા ખાણી–પીણી વાળાઓ ધ્વારા લાગુ રસ્તા તથા ફુટપાથ ઉપર લારી, કેબીન, કાઉન્ટર, ટેબલ સ્ટેન્ડ વિગેરે મુકી રસ્તાનું દબાણ કરવામાં આવતા આજરોજ સેન્ટ્રલ ઝોન દબાણ વિભાગના સ્ટાફ ધ્વારા સદરહુ દબાણ દુર કરી રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે.

વધુમાં સદરહુ વિસ્તાર પૈકી વર્ધમાન ટેક્ષટાઈલ માર્કેટની આગળ સાવરીયા ફાસ્ટફુડ તથા એકસ્પ્રેસો – ટી નામક દબાણકર્તા ધ્વારા રસ્તા ઉપર ધંધાકીય હેતુસર ખાણી–પીણીનું વેચાણ કરવા આશરે ૨૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં લોંખંડના એંગલ ચેનલ પર પતરા નાંખી શેડ બાંધી રસ્તા ઉપર કરવામાં આવેલ દબાણ આજરોજ દબાણખાતાના સ્ટાફ ધ્વારા તોડી દુર કરવામાં આવેલ છે તથા સદરહુ વિસ્તાર ખાતે આશરે ૨૦૦૦ ચો.ફુટ વિસ્તારમાં વાહનોની અવર–જવર માટે રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે. સદરહુ કામગીરી દરમ્યાન નીચે જણાવેલ સામાન ઉઠાવી લઈ જમા લેવામાં આવેલ છે.

૧. કેબીન –૦૪

૨. લાકડાનું કેબીન – ૦૧

૩. લોખંડના કાઉન્ટર –૦૩

૪. શેરડીના રસનુ મશીન –૦૧

૫. લાકડા / લોખંડના ટેબલ–૦૨

૬. પતરા–૧૨

૭. ખુલ્લી લારી–૦૨

૮. લોખંડની એંગલ –૦૮

૯. અન્ય પરચુરણ સામાન –૧૫

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે મે.કમિશનરશ્રીના આદેશ અનુસાર તા.૦૭/૦૩/૨૦૧૫ તથા ૦૮/૦૩/૨૦૧૫નાં રોજ ખાસ ઝુંબેશ સ્વરૂપે ફુડ વિભાગ અને ઝોનના આરોગ્ય વિભાગના સુપરવાઈઝર સ્ટાફ મારફતે વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી સંદર્ભે હોટલો, ભોજનાલયો, રેસ્ટોરન્ટ, મેશ, ખાણી–પીણીની લારીઓ પર વેચાતા ખાદ્ય પદાર્થના ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ.

આ અભિયાન દરમ્યાન ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતી કુલ ૩૯૯ હોટલો, ભોજનાલયો, રેસ્ટોરન્ટ, મેશ, ખાણી–પીણીની લારી વિગેરે સંસ્થાઓ ચેક કરવામાં આવેલ છે તથા વિવિધ ખામી / ઉણપો બદલ ૧૮૯ નોટીસ પાઠવી, સાઉથ વેસ્ટ ઝોનમાં ૦૪ સંસ્થા / લારી બંધ કરાવી, કુલ રૂા.૭૫,૭૦૦/–વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વધુમાં, આ અભિયાન દરમ્યાન કુલ ૯૪ કિ.ગ્રા. અખાદ્યપદાર્થનો નાશ કરવામાં આવેલ છે.

## પ્રેસનોટ – મિલકતવેરો તથા વ્યવસાયવેરાની બાકી માંગવા બાબતે

સુરત મહાનગરપાલિકાના વરાછા ઝોન ના કાર્યક્ષેત્ર હેઠળનાં અલગ અલગ વિસ્તારોમાં ઘણાં લાંબા સમયથી મિલકતવેરો તથા વ્યવસ્યવેરો ભરપાઈ કરતાં ન હોવાથી તેઓને સમયાંતરે નોટીસો આપવામાં આવેલ.તેમ છતાં પણ તેઓ તરફથી મિલકતવેરો તેમજ વ્યવસયવેરાનાં નાણા ન ભરતાં  આસી.મ્યુ.કમિશનરશ્રી  નાં માર્ગદર્શન હેઠળ અત્રેનાં આકરણી અને વસુલાત વિભાગ તેમજ વ્યવસાયવેરા વિભાગ ધ્વારા સામુહિક ઝુંબેશ હાથ ધરી સદર મિલકતને ટાંચ માં લઈ સીલ મારેલ અને સ્થળ પર જ નાણાંની વસૂલાત કરવાથી સદર સીલ ખોલી નાંખવામાં આવેલ.જે કામગીરી દરમ્યાન આજ તા.૦૯.૦૩.૨૦૧૫ નાં રોજ વરાછા ઝોન ના મિલકતવેરાની વસૂલાત રૂા.૨૦.૯૪ લાખ તેમજ વ્યવસાયવેરાની વસૂલાત રૂા.૩૧.૫૪ લાખથી વધુની થયેલ છે.

વરાછા કાર્યક્ષેત્ર માં આવેલ મિલકતવેરો તેમજ વ્યવસાયવેરો બાકી પડે છે,તેવી મિલકતો સીલ કરી વસૂલ કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.જેથી આપનો બાકી નીકળતો તમામ વેરો સમયસર ભરપાઈ કરવા આકારણી અને વસૂલાત વિભાગ તેમજ વ્યવસાય વેરો વિભાગ,વરાછા ઝોન ઓફીસનો સંપર્ક કરવા જાહેર જનતાને અનુરોધ છે.

## પ્રેસ  નોટ – માહે ફેબ્રુઆરી ૨૦૧૫ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.

સ્મીમેર હોસ્પીટલમાં માહે ફેબ્રુઆરી ૨૦૧૫ દરમ્યાન ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૧૧૫૮૩ એક્ષ–રે પાડવામાં  આવ્યા હતા. ટી.બીના  નવા ૭૦૩ અને  જુના ૨૫૭૪ દર્દીઓ  સહીત  કુલ ૩૨૭૭ દર્દીઓને   તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે  કુલ ૧૩૨૫ દર્દીઓને  સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૦૮૩  તથા  આંખ વિભાગમાં ૨૯૩૩ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા  બ્લડબેંક વિભાગમાં કુલ ૮૦૪૯ દર્દીઓનું  નિરીક્ષણ કરવામાં  આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા  છે.

## પ્રેસનોટ – સાઉથઝોન(ઉધના) – સુરત મહાનગરપાલિકા

તા.૧૦.૦૩.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૧૩ ફાઈલના રૂા.૧૦.૦૦ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–૦૬ લોકેશન(ખાડા) ૧૮૦.૦૦ ર.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૯ લોકેશન ૪૧૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., ટી.પી.૫૭(પાંડેસરા) મોજે ભેદવાડ બી.આર.ટી.એસ.રોડને નડતરરૂપ ઓટલા ૨૦૦.૦૦ ર.મી. માપ વિસ્તારમાં દૂર કરવામાં આવેલ છે. તથા ટી.પી.૫૯(ઉન) મેઈન રોડ પર બી.આર.ટી.એસ.રોડને નડતરરૂપ ઓટલા ૧૦૦.૦૦ ર.મી. માપ વિસ્તારમાં દૂર કરવામાં આવેલ છે. તથા આઈ.સી.નાં નાંણા પેટે રૂા.૩૧૫૭/– વસુલ લેવામાં આવેલ, આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૭૨ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :૪૧૬ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૩૭.૦૮ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૬.૭૪ લાખ થયેલ છે.,૦૩ EC તથા ૦૨ RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૫૨૫/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૧૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૪૦ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૧ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૩૮૨ છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૯૯ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૭૦.૬૪ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૨૪ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૪૫૦૦/–છેતથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૯૨૯૨ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ૨૦૨૭૫ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૩૪ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ૬૨૪ કરવામાં આવેલ છે. જયારે ૨૨ નોટીસ આપવામાં આવેલ છે.તથા વહીવટી ખર્ચ પેટે રૂા.૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

## પ્રેસનોટ – ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

**સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ટાઉન પ્લાનર(બી) અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૦૫, નોંધ નં.૫૬૯, ગોળવાળા ચકલા, સુરત વાળી મિલ્કતમાં મિલ્કતદાર શ્રી કિશોરભાઈ મુલચંદાની તથા બીજાઓ દ્વારા મહાનગરપાલિકાની પરવાનગી વગર ભોંયતળીયા તથા બે માળમાં આશરે ૩૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ લોંખડનાં એંગલ, ગર્ડર ઉભા કરી પથ્થરના સ્લેબનું ગેરકાયદેસર બાંધકામ અત્રેથી  તા.૧૦/૦૩/૧૫ ના રોજ તોડી દૂર કરવામાં આવેલ છે.સદર હુ જગ્યા ભાગળ શાકભાજી માર્કેટની પાછળના મુખ્ય રસ્તા પરથી દૂર કરાયેલ છે.**

# પ્રેસનોટ – નોર્થઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૯/૦૩/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૮૮ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૬૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૭,૪૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૩ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૮૬૭૯ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૫૫ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૩૦ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૧૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કતારગામ દરવાજાથી બાળાશ્રમ, કુબેરનગર, પારસ સોસાયટી વિ., ડભોલી, ફુલપાડા નવી/ જુની જી.આઈ.ડી.સી., સિંગણપોર, વેડરોડ પંડોળ ઈન્ડ., ડભોલી સિંગણપોર રોડ, બાપાસીતારામ ચોક, મગનનગર, વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર, અખંડ આનંદ સ્કુલની સામેનો વિસ્તાર ત્રિલોકનગર, મીનાનગર, ઈ.ડબલ્યુ.એસ. આવાસ વિગેરે વિસ્તારમાંથી કુલ ૬૪૬ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૨૬,૨૪,૩૬૧/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે. તથા ૩૫ મિલ્કતોને ઈ.ડબલ્યુ.એસ. આવાસ કોસાડ ખાતે સીલ મારવામાં આવેલ છે જેની સ્થળ ઉપર રૂા.૯૧,૨૪૯/– અને ૦૨ મિલ્કતોને કુબેરનગર, વેડ દરવાજા સ્થળ ઉપર રૂા.૧,૫૬,૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૧૦૧ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૭ એન્ટ્રીમાં રૂા.૮૬,૪૪૮/– અને આર.સી.ની. ૮૪ એન્ટ્રીમાં રૂા.૯,૧૭,૧૮૦/– મળી કુલ રૂા.૧૦,૦૩,૬૨૮/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૪ એન્ટ્રીમાં રૂા.૧૨૦/–, રીન્યુઅલની ૨૪ એન્ટ્રીમાં રૂા.૧,૪૨૦/– અને દંડની રકમની ૧૧ એન્ટ્રીમાં રૂા.૨,૪૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૨ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૫ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે. ૮૮ નવા ડ્રેનેજ કનેકશન આપેલ તેમજ નવા ડ્રેનેજ કનેકશન સંદર્ભે ચાર્જ રૂા.૫૨,૩૨૦/– વસુલ લીધેલ.

પાણી ખાતા દ્વારા ૦૧ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૪ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી. નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૩૨,૬૯૫/– ચાર્જ વસુલ લીધેલ.

શહેર વિકાસ ખાતા દ્વારા આઈ.સી.ના નાણાં પેટે ફાયનલ ટી.પી. (વ્યાજ સહિત)ના રૂા.૪,૦૪૫/– ની વસુલાત કરવામાં આવેલ.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસ વસુલાત રૂા.૩,૨૧,૪૪૦/–, મિલ્કત ભાડાના રૂા.૪૪,૧૪૩/–, દબાણ ચાર્જના રૂા.૫,૯૨૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૧,૦૦૦/– મળી કુલ રૂા.૩,૭૨,૫૦૩/– ની વસુલાત કરવામાં આવેલ છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે મે.કમિશનરશ્રીના આદેશ અનુસાર તા.૦૯/૦૩/૨૦૧૫ રોજ ખાસ ઝુંબેશ સ્વરૂપે ફુડ વિભાગ અને ઝોનના આરોગ્ય વિભાગના સુપરવાઈઝર સ્ટાફ મારફતે વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી સંદર્ભે હોટલો, ભોજનાલયો, રેસ્ટોરન્ટ, મેશ, ખાણી–પીણીની લારીઓ પર વેચાતા ખાદ્ય પદાર્થના ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ.

આ અભિયાન દરમ્યાન ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતી કુલ ૩૨૮ હોટલો, ભોજનાલયો, રેસ્ટોરન્ટ, મેશ, ખાણી–પીણીની લારી વિગેરે સંસ્થાઓ ચેક કરવામાં આવેલ છે તથા વિવિધ ખામી / ઉણપો બદલ ૧૧૧ નોટીસ પાઠવી, સાઉથઝોનમાં ૦૨ સંસ્થા / લારી બંધ કરાવી, કુલ રૂા.૬૨,૪૫૦/– વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વધુમાં, આ અભિયાન દરમ્યાન કુલ ૧૨૫ કિ.ગ્રા. અખાદ્યપદાર્થનો નાશ કરવામાં આવ્યો, જયારે ૨૨.૭૫૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો.

## સુરત મહાનગરપાલિકા – સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન – અખબારી યાદી

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

(૧) ટી.પી.સ્કીમ નં.૨૮(અલથાણ–ભટાર)માં આઝાદનગર રોડ પર ફા.પ્લોટ નં.૧૩૩, ૧૩૬ તથા ૧૩૭ માં આવેલ તડકેશ્વરનગર–૧, તડકેશ્વરનગર–૨ તથા તડકેશ્વરનગર મહોલ્લામાંથી પસાર થતી કુદરતી પ્રવાહની ખાડી ઉપર થયેલ આશરે ૧૦૦ કાચી–પાકી મિલ્કતો પૈકીનું અનઅધિકૃત દબાણ દૂર કરી આશરે ૩૫ ફુટની પહોળાઈમાં આશરે ૧૦૦૦ ફુટની લંબાઈમાં કુલ ૩૫૦૦૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. સદરહુ જગ્યા ખુલ્લી થવાથી ત્યાંના રહીશો માટે ડ્રેનેજ/ડ્રેનેજ સ્ટોર્મ તેમજ રસ્તાની સુવિધાઓ ઉપલબ્ધ થઈ શકશે.

ઉપરોકત કામગીરી ડે.કમિશ્નરશ્રીની સુચના અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રીનાં માર્ગદર્શન તેમજ સીધી દેખરેખ હેઠળ અઠવા ઝોનનાં શહેર વિકાસ વિભાગ તેમજ દબાણ વિભાગ તથા સીકયોરીટી સ્ટાફ સાથે રાખી સદરહું કામગીરી કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ – મિલકતવેરો ભરપાઈ નહીં થતા સેન્ટ્રલ ઝોનમાં આવેલ ૦૧ (એક) મિલકતનું જાહેર લીલામીથી વેચાણ

સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ મિલકતો પૈકી લાંબા સમયથી મિલકતવેરાની રકમ ભરપાઈ ન થતાં કુલ ૭(સાત) મિલકતોની વેરા વસુલાત અર્થે જાહેર લીલામીથી વેચાણ કરવાનું નકકી થયેલ.જે અંર્તગત આજરોજ તા.૧૦–૦૩–૨૦૧૫ ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે સેન્ટ્રલ ઝોનના વહીવટી ભવન ખાતે કોન્ફરન્સ રૂમમાં જાહેર હરાજી રાખવામાં આવી હતી. મિલકતોની જાહેર લીલામીથી વેચાણ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. સદરહુ ૭(સાત) મિલકતો પૈકીની ૦૧(એક) મિલકત વોર્ડ નં.૬ નોંધ નં.૧૨૫૨–બી ભુતશેરી મહિધરપુરા સુરતની સૌથી વધુ બોલી રૂા.૮૫,૩૫,૦૦૦/– ની બોલી બોલનાર ઈસમને ખરીદનાર તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. તેઓ પાસેથી નિયમોનુસાર હરાજીની કિંમતના ૨૫ % લેખે રૂા.૨૧,૩૩,૭૫૦/– વસુલ કરી મહાનગરપાલિકાની ટ્રેઝરીમાં જમા કરાવવામાં આવેલ છે. આ વેચાણ પ્રક્રિયામાં મોટી સંખ્યામાં અરજદારો હાજરી રહી જાહેર લીલામીમા સક્રિય રીતે રસ લીધો હતો.



સેન્ટ્રલ ઝોનમાં લાંબા સમયથી મિલકત વેરો ન ભરતાં કરદાતાઓની મિલકતોની યાદી તૈયાર કરવામાં આવી છે અને આજની જાહેર હરાજીમાં મળેલ લોકોનો પ્રતિસાદ જોતાં જે મિલકતોમાં મિલકતવેરાની રકમ ભરપાઈ થઈ નથી તેવી અન્ય મિલકતોનુ પણ ટુંક સમયમાં તબકકાવાર જાહેર લીલામીથી વેચાણ કરી મિલકત વેરો વસુલ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને "સ્વચ્છ ભારત અભિયાન" અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફટ દરમ્યાન શહેરનાં રહેણાંક વિસ્તારોમાં, જયારે સાંજના સમયે કોમર્શીયલ વિસ્તારોમાં કરાવવામાં આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે હેતુસર વિવિધ એજન્સીઓ દ્વારા તા.૦૨/૦૩/૨૦૧૫ થી તા.૦૮/૦૩/૨૦૧૫ દરમિયાન કરવામાં આવેલ આ કામગીરીનું ઘનિષ્ઠ ચેકીંગ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન આ કામગીરીમાં આચરવામાં આવેલ વિવિધ અનિયમિતતા જેવી કે, (૧) જે–તે રૂટના તમામ રહેણાંક અને કોમર્શીયલ યુનિટો કવર કરવામાં આવેલ ન હોઈ, (૨) જે–તે રૂટની કામગીરી નિર્ધારિત સમયે શરૂ કરવામાં આવેલ ન હોઈ, (૩) બ્રેક–ડાઉન થયેલ વાહનના બદલામાં અન્ય વાહન નિયત સમયમાં ફાળવેલ ન હોઈ, (૪) વાહન દીઠ ૦૨ સ્વચ્છતા મિત્રો ફાળવેલ ન હોઈ, (૫) નિયત રૂટને બદલે અન્ય રૂટ પરથી ગાર્બેજનું એકત્રિકરણ કરવામાં આવતું હોઈ અથવા ગાર્બેજ સિવાયનું અન્ય મટીરીયલ્સ એકત્રિત કરવામાં આવતું હોઈ, (૬) કચરો અલગ કરી, કોળથા/બેગ/થેલામાં એકત્રિત કરી, કોળથા/બેગ/થેલા વાહન ઉપર લટકાવવામાં આવેલ હોઈ, (૭) કામગીરીમાં રોકાયેલ એજન્સી તમામ કર્મચારીઓ દ્વારા યુનીફોર્મ કે સેફટીના સાધનો (માસ્ક, ગમબુટ, ગ્લોઝ વિ.) પહેરલ ન હોઈ અથવા આઈ કાર્ડ રાખવામાં આવેલ ન હોઈ, તથા (૮) નિયત કરેલ સુપરવાઈઝરો ફાળવવામાં આવેલ ન હોઈ વિગેરે અનિયમિતતા બદલ સેન્ટ્રલઝોન – રૂા.૨૫,૧૫૦/–, વેસ્ટઝોન – રૂા.૬,૭૯૦/–, સાઉથઝોન – રૂા.૫,૮૦૦/–, સાઉથ–ઈસ્ટઝોન – રૂા.૪,૩૦૦/–, સાઉથ–વેસ્ટઝોન – રૂા.૧,૧૫૦/–, નોર્થઝોન – રૂા.૧૧,૯૦૦/– અને ઈસ્ટઝોન – રૂા.૩૭,૮૦૦/– મળી તમામ ઝોનની જુદી–જુદી એજન્સીઓ પાસેથી કુલ રૂા.૯૨,૮૯૦/– પેનલ્ટી વસુલવામાં આવેલ છે. કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે માટે, દૈનિક કામગીરીમાં ઈજારદાર દ્વારા રોકવામાં આવતા વાહનો તથા સ્વચ્છતા મિત્રોની સંખ્યાની નોંધણી જે–તે વોર્ડ ઓફિસો પર કરાવી, તેની માહિતી વાયરલેસ મારફતે ઝોન કંટ્રોલમાં રોજે–રોજ આપવામાં આવે છે, તેમજ તે અંગેનું મોનીટરીંગ નિયમિતપણે સંબંધિત ઝોનના નાયબ આરોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવે છે.

# પ્રેસ નોટ – સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ના જુદા જુદા વિસ્તારમાં ટીમ બનાવી ઘનિષ્ઠ વેરા વસુલાત કરતા રૂા.૨૭,૦૦,૦૦૦/– થી વધુની વેરા વસુલાત કરવામાં આવેલ છે.

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ના જુદા જુદા વિસ્તારમાં તા.૦૯/૦૩/૧૫ ના રોજ વેરા વસુલાત ઝુંબેશ વધુ વેગવાન બનાવામાં આવેલ છે.વેરા ભરપાઈ કરવા બાબતે અત્રેના ઝોનના સ્લમ વિસ્તાર,માર્કેટ વિસ્તારમાં તથા રેસીડેન્સ વિસ્તારમાં આકારણી અને વસુલાત વિભાગના કર્મચારીઓ અને મહેકમ વિભાગના કર્મચારી દ્વારા બાકી કરદાતાઓને વેરા ભરપાઈ કરવા બાબતેસઘન વેરા વસુલાત ઝુંબેશ દરમ્યાન ૪૦ નળ કનેકશન કાપવામાં આવેલ છે. તથા ઈન્ડસ્ટ્રીયલ અને કોર્મશિયલ વિસ્તારમાં ૫૦ દુકાનો/કારખાનાઓને શીલ કરવામાં આવેલ છે.

લિંબાયત ઝોનના એડી. સીટી.ઈજનેરશ્રી જે.કે. શાહ ના માર્ગદર્શન હેઠળ આસી. કમિશ્નરશ્રી શ્રીમતી ગાયત્રી આર.જરીવાલા તથા આકારણી વિભાગના સ્ટાફે તથા મહેકમ વિભાગના સ્ટાફે વેરા વસુલાત ઝુંબેશ વધુ આક્રમક બનાવી હતી.જેમાં મિલ્કત વેરો બાકી હોય તેવા બાકીદારો સાથે સમજાવટથી તથા કડકાઈ પૂર્વક ઉઘરાણી કરતા ઘણાં બાકીદારોએ સ્થળ પર જ વેરા ચુકવી દીધા હતા,તેમજ ઘણાં કરદાતઓએ લિંબાયત ઝોન તથા સીવિક સેન્ટરો પર આવી વેરા ભરેલ હતા. આમ એક જ દિવસમાં રૂા.૨૭,૦૦,૦૦૦/– થી વધુ વેરા વસુલાત કરવામાં આવેલ છે. જેમા આ ઝુંબેશમાં ફરજ બજાવતા કર્મચારીઓએ સ્થળ પર જ રૂા.૪,૮૬,૦૦૦/– ની વસુલાત કરી હતી.

વેરા વસુલાત ઝુંબેશ વધુ ઘનિષ્ઠ અને આક્રામક બનાવી બાકીદારો સામે મિલ્કતો સીલ કરવાની તેમજ નળ કનેકશન કાપવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.આથી તમામ બાકી કરદાતાઓને તાત્કાલિક વેરો ભરી સુરત શહેરના વિકાસમાં સહભાગી થવા જાણ કરવામાં આવે છે.

## પ્રેસનોટ – સાઉથઝોન(ઉધના) – સુરત મહાનગરપાલિકા

તા.૧૧.૦૩.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૫૦ ફાઈલના રૂા.૩૨.૪૨ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–૦૯ લોકેશન(ખાડા) ૨૭૦.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૭ લોકેશન ૨૬૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., રોડ પૈકીના દબાણ હેઠળ કુલ :૧૧ લારી ગલ્લા ઉપાડવામાં આવેલ તથા આઈ.સી.નાં નાંણા પેટે રૂા.૨૭૫૪૨/– વસુલ લેવામાં આવેલ,પાણીના નવા કનેકશન કુલ : ૨૪ આપવામાં આવેલ  આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૮૦ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :૦૮ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૪૭.૯૨ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક  રૂા.૭.૮૬ લાખ થયેલ છે.,૧૦ ભ્મહ તથા ૧૧  ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૩૨૫૦/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૪૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૭૭ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૬ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૩૮૨ છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૯૯ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૫૬.૭૨ મે.ટન  છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૨૩ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૨૭૫૦/–છેતથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૧૪૮૦  ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ૨૫૯૬૨ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૩૪ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ૮૨૩ કરવામાં આવેલ છે. જયારે ૨૫ નોટીસ આપવામાં આવેલ  છે.તથા વહીવટી ખર્ચ પેટે  રૂા.૧૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

# પ્રેસનોટ – નોર્થઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૦/૦૩/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૫૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૬૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૧,૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૨ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૮૮૭૨ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૩૯ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૨૭ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૧૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા સુમુલ ડેરી રોડ, વસ્તાદેવડી રોડ, કતારગામ દરવાજાથી બાળાશ્રમ, કુબેરનગર, પારસ સોસાયટી વિ., ફુલપાડા નવી/ જુની જી.આઈ.ડી.સી., સિંગણપોર, વેડરોડ પંડોળ ઈન્ડ., ડભોલી સિંગણપોર રોડ, બાપાસીતારામ ચોક, મગનનગર, વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર, અખંડ આનંદ સ્કુલની સામેનો વિસ્તાર ત્રિલોકનગર, મીનાનગર, કોસાડ, ઈ.ડબલ્યુ.એસ. આવાસ વિગેરે વિસ્તારમાંથી કુલ ૫૮૫ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૨૪,૭૬,૯૩૫/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે. તથા ૩૦ મિલ્કતોને ઈ.ડબલ્યુ.એસ. આવાસ કોસાડ ખાતે સીલ મારવામાં આવેલ છે જેની સ્થળ ઉપર રૂા.૯૨,૧૪૦/– અને ૦૪ મિલ્કતોને કુબેરનગર, વેડ દરવાજા તથા નંદુ ડોસીની વાડી, વસ્તાદેવડી રોડ સ્થળ ઉપર રૂા.૨,૧૨,૦૨૫/– ની વસુલાત કરવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૧૨૪ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૪૪ એન્ટ્રીમાં રૂા.૧,૧૮,૪૨૫/– અને આર.સી.ની. ૮૦ એન્ટ્રીમાં રૂા.૧૨,૯૩,૨૨૫/– મળી કુલ રૂા.૧૪,૧૧,૬૫૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૩ એન્ટ્રીમાં રૂા.૮૦/–, રીન્યુઅલની ૧૮ એન્ટ્રીમાં રૂા.૯૬૦/– અને દંડની રકમની ૧૦ એન્ટ્રીમાં રૂા.૧,૭૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૫ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૫ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૪ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી. નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૫,૫૯૦/– ચાર્જ વસુલ લીધેલ.

શહેર વિકાસ ખાતા દ્વારા આઈ.સી.ના નાણાં પેટે ફાયનલ ટી.પી. (વ્યાજ સહિત)ના રૂા.૪,૯૯૭/– ની વસુલાત કરવામાં આવેલ.

ઈમ્પેકટ ફી પેટે ૧૮૬ ફાઈલોના રૂા.૪૮,૯૫,૮૮૭/– ની વસુલાત કરવામાં આવેલ.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસ વસુલાત રૂા.૧,૬૧,૮૫૬/–, મિલ્કત ભાડાના રૂા.૫,૭૧૦/–, મંડપ ચાર્જના રૂા.૫,૬૯૫/–, દબાણ ચાર્જના રૂા.૧,૩૦૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૨૬૪/– મળી કુલ રૂા.૧,૭૪,૮૨૫/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા ધ્વારા ૦૭ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ

સુરત શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ વિવિધ કોમર્શીયલ સંસ્થા / દુકાનો પૈકી ઘણી સંસ્થાઓ દ્વારા તેઓની પ્રિમાઈસીસમાંથી ઉત્પન્ન થતો કચરો એકત્રિત કરવા ડસ્ટબીન રાખતા ન હોવાનું કે ડસ્ટબીનમાં કચરો એકત્રિત ન કરી, જાહેર માર્ગ ઉપર સરેઆમ કચરો ફેંકતા હોવાનું ધ્યાને આવેલ છે. જેથી "સ્વચ્છ સુરત, સુંદર સુરત" ની છબી બગડવા ન પામે તે હેતુસર, "સ્વચ્છ ભારત અભિયાન" અંતર્ગત તા.૧૩ ઓકટોબર ૨૦૧૪ થી ૧૮ ઓકટોબર ૨૦૧૪ સુધીના સમયગાળા દરમ્યાન સુરત શહેરના તમામ ઝોન વિસ્તારોમાં આવેલ કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ હાથ ધરી ડસ્ટબીન રાખવામાં આવેલ છે કે નહીં? તે અંગેની પ્રથમ તબકકાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. આ પ્રથમ તબકકાની ડસ્ટબીન ચેકીંગની કામગીરી દરમ્યાન, તમામ ઝોન મળી કુલ ૯૦,૩૨૯, દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવેલ, જે પૈકી ૭૭,૨૯૯ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનુ અને ૧૧,૮૬૪ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન ન મુકવામાં આવેલ હોવાનું જણાયેલ. કામગીરી દરમ્યાન કુલ રૂા. ૧૫,૨૬,૭૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ. (જે ૧૧,૮૬૪ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન ન મળેલ તેવી સંસ્થાઓની વિગતવાર માહિતી સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ ઉપર મુકવામાં આવેલ છે.) પ્રથમ તબકકાની કામગીરી પૂર્ણ થયા બાદ બીજા તબકકાની કામગીરી તા.૦૫ જાન્યુઆરી ૨૦૧૫ થી ૧૦ જાન્યુઆરી ૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન, સુરત શહેરના તમામ ઝોન વિસ્તારોમાં આવેલ કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ હાથ ધરી ડસ્ટબીન રાખવામાં આવેલ છે કે નહીં? તે અંગેની બીજા  તબકકાની ચકાસણી કરવાની ઝુંબેશ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે અન્વયે દરેક ઝોન દ્વારા દરરોજ સવારે ૧૧:૦૦ કલાક થી ૧:૦૦ કલાક તથા સાંજે ૫:૦૦ કલાક થી ૭:૦૦ કલાક દરમ્યાન કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ કરવામાં આવેલ. આ બીજા તબકકાની ડસ્ટબીન ચેકીંગની કામગીરી દરમ્યાન, તમામ ઝોન મળી કુલ ૭૭૧૦૭ દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવેલ, જે પૈકી ૭૩૬૪૪ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનુ અને ૩૧૯૯ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન ન મુકવામાં આવેલ હોવાનું જણાયેલ, કામગીરી દરમ્યાન કુલ રૂા. ૪,૬૭,૬૦૦ /– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ.

આમ, પ્રથમ અને બીજા તબકકાની ડસ્ટબીન ચેકીંગની કામગીરી દરમ્યાન તમામ ઝોન મળી કુલ ૧૬૭૪૩૬ દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવેલ, જે પૈકી ૧૫૦૯૪૩ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનુ અને ૧૫૦૬૩ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન ન મુકવામાં આવેલ હોવાનું જણાયેલ, બંને તબકકાની કામગીરી દરમ્યાન કુલ રૂા.૧૯,૯૪,૩૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

વધુમાં, આ અંગે ત્રીજા તબકકાની ઝુંબેશ મહાનગરપાલિકા દ્વારા માહે એપ્રિલ'૨૦૧૫ દરમ્યાન તા.૦૬/૪/૨૦૧૫ થી તા.૧૧/૪/૨૦૧૫ સુધી હાથ ધરવામાં આવનાર છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે મે.કમિશનરશ્રીના આદેશ અનુસાર તા.૧૦/૦૩/૨૦૧૫ રોજ ખાસ ઝુંબેશ સ્વરૂપે ફુડ વિભાગ અને ઝોનના આરોગ્ય વિભાગના સુપરવાઈઝર સ્ટાફ મારફતે વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી સંદર્ભે હોટલો, ભોજનાલયો, રેસ્ટોરન્ટ, મેશ, ખાણી–પીણીની લારીઓ પર વેચાતા ખાદ્ય પદાર્થના ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ.

આ અભિયાન દરમ્યાન ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતી કુલ ૩૫૯ હોટલો, ભોજનાલયો, રેસ્ટોરન્ટ, મેશ, ખાણી–પીણીની લારી વિગેરે સંસ્થાઓ ચેક કરવામાં આવેલ છે તથા વિવિધ ખામી / ઉણપો બદલ ૭૪ નોટીસ પાઠવી, કુલ રૂા.૫૧,૯૫૦/– વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વધુમાં, આ અભિયાન દરમ્યાન કુલ ૫૨.૯૦૦ કિ.ગ્રા. અખાદ્યપદાર્થનો નાશ કરવામાં આવ્યો.

## પ્રેસનોટ– દબાણ દુર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર(બી) અને કાર્યપાલક ઈજનેરશ્રી (સેન્ટ્રલ ઝોન) ની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેર, ડે.ઈજનેર તથા દબાણ વિભાગના કર્મચારીઓ સહિતના સ્ટાફ ધ્વારા સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તાર ચોક બજાર ચાર રસ્તાથી ચોક બજાર બ્રીજ તરફનાં જાહેર માર્ગ ઉપર ચોક બજાર કિલ્લા હેરીટેજ પ્રોજેકટ પાસે લાગુ ફુટપાથ ઉપર દબાણકર્તાઓ ધ્વારા ખાણી–પીણીની લારીઓ તથા માલ–સામાન મુકી કરવામાં આવેલ દબાણ આજરોજ તા.૧૨/૦૩/૧૫ થી દૂર કરવામાં આવેલ છે. વધુમાં ચોક બજાર રાજા ઓવાર ખાતે કસ્તુરબા ગાર્ડન પાસે જુના જળ વિતરણની ફરતે ખાણી–પીણીની લારીઓ તથા ગલ્લાવાળાઓ ધ્વારા લાગુ રસ્તા પર તથા ખુલ્લી જગ્યા ઉપર લારીખો ગોઠવી કરવામાં આવેલ દબાણ અત્રેથી દૂર કરી લાગુ રસ્તા પર મુકવામાં આવેલ લારીઓ તથા અન્ય સામાન ઉપાડી લઈ રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે.

સદરહુ કામગીરી દરમ્યાન નીચે જણાવેલ સામાન ઉઠાવી લઈ જમા લેવામાં આવેલ છે.

૧. કેબીન –૦૨

૨. લોખંડના સ્ટેન્ડ,ટેબલ–૧૦

૩. બંધ લારી–૧૨

૪. ખુલ્લી લારી–૦૪

૫. અન્ય પરચુરણ સામાન–(વજનકાંટા, લાકડાં, પ્લાસ્ટીક, ડ્રમ વગેરે)

## પ્રેસનોટ – સાઉથઝોન(ઉધના) – સુરત મહાનગરપાલિકા

તા.૧૨.૦૩.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૯૧ ફાઈલના રૂા.૨૭.૬૦ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–૦૭ લોકેશન(ખાડા) ૨૫૦.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૧૦ લોકેશન ૩૦૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., રોડ પૈકીના દબાણ હેઠળ કુલ :૩૧ લારી ગલ્લા ઉપાડવામાં આવેલ તથા આઈ.સી.નાં નાંણા પેટે રૂા.૩૮,૫૩૧/– વસુલ લેવામાં આવેલ,ટી.પી.૫૭(પાંડેસરા) ગાર્ડનના રીઝર્વેશન માંથી ૩૦૦ ચો.ફુટ દબાણ દૂર કરવામાં આવેલ તથા ટી.પી.૬૭(જીઆવ–સોનારી–ગભેણી)મારૂતિનગર તથા યાહયાનગર ના ૩૦ મી. ટી.પી. રસ્તાને નડતરરૂપ ઝુપડા ૧૮૦ ચો.મી. દબાણ દૂર કરવામાં આવેલ તથા ટી.પી.૫૯(ઉન) સનાબીલ બેકરી મસ્જીદની લાઈન બી.આર.ટી.એસ.રૂટના નડતરરૂપ ઓટલા દૂર કરવામાં આવેલ આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૪૯ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :૧૦૭૧ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૪૦.૬૪ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૯.૯૭૬ લાખ થયેલ છે.,૦૯ ભહ તથા ૦૬ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૮૦૦/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૧૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૪૪ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૬ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૩૭૫ છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૯૮ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૫૯.૩૪ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૩૨ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૨૦૦૦/–છેતથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૧૯૦૦ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ૨૫૭૧૬ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૪૮ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ૭૯૩ કરવામાં આવેલ છે. જયારે ૨૩ નોટીસ આપવામાં આવેલ છે.તથા વહીવટી ખર્ચ પેટે રૂા.૨૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

## પ્રેસનોટ – નોર્થઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૧/૦૩/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૫૭ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૬૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૧,૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૦ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૨૫૫ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૬૧૮ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૪૧ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૨,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કતારગામ દરવાજાથી બાળાશ્રમ, કુબેરનગર, પારસ સોસાયટી, વેડરોડ પંડોળ ઈન્ડ., ડભોલી સિંગણપોર રોડ, બાપાસીતારામ ચોક, મગનનગર, વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર, અખંડ આનંદ સ્કુલની સામેનો વિસ્તાર ત્રિલોકનગર, મીનાનગર, લક્ષ્મી કાંત આશ્રમ રોડ, ગજેરા રોડની સોસાયટી, છાપરાભાઠા, ઈ.ડબલ્યુ.એસ. આવાસ વિગેરે વિસ્તારમાંથી કુલ ૫૧૧ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૧૭,૫૭,૧૩૩/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે તથા ૨૫ મિલ્કતોને ઈ.ડબલ્યુ.એસ. આવાસ કોસાડ ખાતે સીલ મારવામાં આવેલ છે જેની સ્થળ ઉપર રૂા.૯૦,૪૦૦/– અને ૦૩ મિલ્કતોને કુબેરનગર, વેડ દરવાજા તથા વિહારનગર રોડ સ્થળ ઉપર રૂા.૧,૩૯,૬૩૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૧૦૮ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૩૧ એન્ટ્રીમાં રૂા.૭૮,૯૮૫/– અને આર.સી.ની. ૭૭ એન્ટ્રીમાં રૂા.૧૭,૨૫,૬૦૦/– મળી કુલ રૂા.૧૮,૦૪,૫૮૫/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૫ એન્ટ્રીમાં રૂા.૨૦૦/–, રીન્યુઅલની ૧૦ એન્ટ્રીમાં રૂા.૬૦૦/– અને દંડની રકમની ૦૩ એન્ટ્રીમાં રૂા.૪૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૨૦ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૫ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૧ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી. નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૧,૦૭,૯૯૦/– ચાર્જ વસુલ લીધેલ.

ઈમ્પેકટ ફી પેટે ૧૭૬ ફાઈલોના રૂા.૨૩,૪૫,૦૧૧/– ની વસુલાત કરવામાં આવેલ.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસ વસુલાત રૂા.૨,૨૮,૯૪૦/–, દબાણ ચાર્જના રૂા.૮,૮૨૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૧,૫૦૦/– મળી કુલ રૂા.૨,૩૯,૨૬૦/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા ધ્વારા ૧૨ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે મે.કમિશનરશ્રીના આદેશ અનુસાર તા.૧૧/૦૩/૨૦૧૫ રોજ ખાસ ઝુંબેશ સ્વરૂપે ફુડ વિભાગ અને ઝોનના આરોગ્ય વિભાગના સુપરવાઈઝર સ્ટાફ મારફતે વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી સંદર્ભે હોટલો, ભોજનાલયો, રેસ્ટોરન્ટ, મેશ, ખાણી–પીણીની લારીઓ પર વેચાતા ખાદ્ય પદાર્થના ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ.

આ અભિયાન દરમ્યાન ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતી કુલ ૩૨૭ હોટલો, ભોજનાલયો, રેસ્ટોરન્ટ, મેશ, ખાણી–પીણીની લારી વિગેરે સંસ્થાઓ ચેક કરવામાં આવેલ છે તથા વિવિધ ખામી / ઉણપો બદલ ૮૨ નોટીસ પાઠવી, કુલ રૂા.૪૯,૯૬૦/– વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વધુમાં, આ અભિયાન દરમ્યાન કુલ ૫૫ કિ.ગ્રા. અખાદ્યપદાર્થનો નાશ કરવામાં આવ્યો, જયારે ૭ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો.

## –: પ્રે સ નોટ :–

તાપી નદી ઉપર કેબલ સ્ટે પ્રકારના પુલની બાંધવાની કામગીરીના અનુભવી અને સક્ષમ ઈજારદાર ગેમન ઈન્ડીયા લી., મુંબઈને સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૭૧૩/૧૦ તા.૦૪/૦૯/૧૦ને આધીન રૂા.૧૪૩.૬૫ કરોડના પ્રોજેકટ કોસ્ટથી અત્રેના ખાતાનાં પત્ર નં.બ્રીજસેલ/ આ./૧૧૧૦, તા.૦૭/૦૯/૧૦નાં વર્કઓર્ડરથી સોંપવામાં આવેલ. આ કામની સમયમર્યાદા ૩૦ માસ હતી. જે તા.૩૦/૪/૧૩ ના રોજ પુર્ણ થયેલ છે. જેની સામે સદર ઈજારદારે અંદાજે ૫૦% જેટલી જ કામગીરી કરેલ જેથી ઈજારદાર ગેમન ઈન્ડીયા લી.,ને આ કામગીરીમાં નિષ્ફળ જવા બદલ તથા કુદરતના ન્યાય મુજબ ઈજારદારને સાંભળવાની તથા તેઓનો પક્ષ રજુ કરવાની પુરતી તક આપ્યા બાદ સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ ઠરાવ નં. ૫૪૪ /૧૫ તા.૪/૩/૧૫થી ઈજારદાર ગેમન ઈન્ડીયા લી., મુંબઈનો પુર્ણ થયેલ કરાર પુન : જીવીત ન કરવા, તમામ નાણાં, જરૂરી ડીપોઝીટ, રીટેનશન મની, ગેરેન્ટીની રકમ વિગેરે સહિત તમામ જમા રાશી જપ્ત કરવા તથા બાકી રહેલ કામગીરી ઈજારદારના ખર્ચે અને જોખમે કરાવવા તથા ૫(પાંચ) વર્ષ માટે કાળી યાદીમાં મુકવા અંગેનો નિર્ણય લેવામાં આવેલ.

સદર ઠરાવ અન્વયે સુરત મહાનગરપાલિકા ધ્વારા વિજળી વેગે ઈજારદાર ગેમન ઈન્ડીયા લી., સામે ત્વરીત કાર્યવાહી કરવામાં આવેલ. સુરત મહાનગરપાલિકા ધ્વારા ઈજારદાર ગેમન ઈન્ડીયા લી.,મુંબઈને બ્રીજ સેલ વિભાગનાં પત્ર નં. ૨૪૨૭ તા.૫/૩/ ૧૫ થી પાંચ(૫) વર્ષ માટે કાળી યાદીમાં મુકાયા અંગેની જાણ કરવામાં આવેલ છે તેમજ આ બાબતની જાણ સરકારી તેમજ અર્ધ સરકારી સં સ્થામાં પણ કરવામાં આવેલ છે. વધુમાં, સદર કામે બાકી રહેલ કામગીરી અન્વયે કે જેની અંદાજીત રકમ રૂા.૪૩.૦૦ કરોડના કામ માટે ટેન્ડર નોટી સ ઈજારદાર ગેમન ઈન્ડીયા લીના ખર્ચે અને જોખમે કરવા ઓનલાઈન ટેન્ડર નોટીસ પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા ધ્વારા ઈજારદાર મારફતે સદર કામે જમા કરાવવામાં આવેલ ઈનીશીયલ સીકયોરીટી ડીપોઝીટ બેંક ગેરેન્ટીનાં સ્વરૂપમાં જમા કરવામાં આવેલ રૂા.૨,૮૭,૫૦,૦૦૦/– તથા તબકકાવાર ઈજારદારના બીલમાંથી કપાયેલ સીકયોરીટી ડીપોઝીટ પેટે રૂા.૧,૪૩,૦૧,૫૪૪/– મળી કુલ રૂા. ૪,૩૦,૫૧,૫૪૪/– સંબંધીત બેંક મારફતે યુધ્ધના ધોરણે સુરત મહાનગરપાલિકાની તિજોરીમાં ક્રેડીટ કરવામાં આવેલ તથા ઈજારદાર મારફતે થયેલ કામગીરીનું ફાઈનલ મેઝરમેન્ટ મેળવવા તટસ્થ કમિશન રચવાની કાર્યવાહી પણ કરી દેવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા તરફથી થનાર ઉપરોકત શિક્ષાત્મક કાર્યવાહી સામે ઈજારદાર ગેમન ઈન્ડીયા લી., ધ્વારા તા.૬/૩/૧૫ના રોજ નામ.હાઈકોર્ટ ઓફ ગુજરાતમાં સ્પે.સીવીલ એપ્લીકેશન નં.૩૮૮૮/૧૫, તા.૫/૩/૧૫ થી મનાઈ હુકમ મેળવવા પીટીશન દાખલ કરેલ. જે બાબતે અગાઉ જ સુરત મહાનગરપાલિકા તરફથી એડવોકેટ શ્રી કૌશલ પંડયા મારફતે અગાઉ જ નામદાર હાઈકોર્ટમાં કેવીયેટ દાખલ કરવામાં આવેલ, જેમાં અમદાવાદ ખાતે નામ.હાઈકોર્ટના સુરત મહાનગરપાલિકા તરફથી નિમવામાં આવેલ સીનીયર એડવોકેટશ્રી પ્રશાંત દેસાઈ તથા એડવોકેટ શ્રી કૌશલ પંડયાને સંપુર્ણ માહિતીથી વાકેફ કરવા સારૂ સુરત મહાનગરપાલિકા તરફે સદર કામનાં જાણકાર બે અધિકારીઓશ્રીઓને અમદાવાદ ખાતે તાત્કાલિક મોકલવામાં આવેલ અને તેઓશ્રી આજદિન સુધી સતત અમદાવાદ ખાતે એડવોકેટશ્રીનાં સંપર્કમાં રહેલ.તા.૫/૩/ ૧૫ના રોજ ઈજારદાર તરફથી કરવામાં આવેલ સ્પે.સીવીલ એપ્લીકેશન નં.૩૮૮૮ /૧૫, તા.૯/૩/ ૧૫ના રોજ બોર્ડ પર આવ્યા બાદ નામ.હાઈકોર્ટ મારફત સદર એપ્લીકેશન તા. ૧૦/૩/૧૫ ના રોજ સદર બાબતે મહાનગરપાલિકાની સક્ષમ સત્તા ધ્વારા નિર્ણયો તથા પંગલા લીધેલ હોવાથી હોવાથી નામ.હાઈકોર્ટ ધ્વારા તેઓની પીટીશન ડી સમી સ કરવામાં આવેલ. ગેમન ઈન્ડીયા લી., મુંબઈ તરફથી તાબડતોડ સુરત મહાનગરપાલિકા તરફથી કરવામાં આવેલ અન્ય શિક્ષાત્મક તેમજ કાળી યાદીમાં મુકવાની કાર્યવાહી સામે તેમના ધ્વારા નિયુકત કરવામાં આવેલ ત્રણ (૩) એડવોકેડશ્રીઓની સંયુકત ટીમ મારફતે સીવીલ એપ્લીકેશન નં.૪૩૭૪ /૧૫, તા.૧૦/૩/૧૫ થી દાદ માંગવામાં આવેલ હતી. જે બાબતે સુરત મહાનગરપાલિકાનાં એડવોકેટ શ્રી કૌશલ પંડયા તથા સીનીયર એડવોકેટ શ્રી પ્રશાંત દેસાઈ મારફતે તા. ૧૧/૩/૧૫ ના રોજ નામ.હાઈકોર્ટમાં ઈજારદારનાં વકીલશ્રીઓ સાથે મેરેથોન ૩–૪ કલાકની વિસ્તૃત ચર્ચાઓ તથા સુરત મહાનગરપાલિકાનો પક્ષ રજુ કરેલ હતો ત્યારબાદ તા. ૧૨/૩/ ૧૫ ના રોજ આજ બાકી રહેલ રજુઆતો / આક્ષેપોની ચર્ચાઓના અંતે નામદાર હાઈકોર્ટમાં માન.ન્યાયાધીશ મારફતે ઈજારદાર ધ્વારા કરવામાં આવેલ સીવીલ એપ્લીકેશન નં.૪૩૭૪ /૧૫, તા.૧૦/૩/ ૧૫ ને ખારીજ/ડીસમીસ કરેલ તથા સુરત મહાનગરપાલિકા તરફથી ઈજારદાર ગેમન ઈન્ડીયા લી., મુંબઈની સામે સીવીલ એપ્લીકેશન નં.૪૩૭૪/૧૫,તા.૧૦/૩/ ૧૫ થી કરવામાં આવેલ તમામ શિક્ષાત્મક કાર્યવાહીને યોગ્ય ઠરેલ છે.

# પ્રેસનોટ – સાઉથઝોન(ઉધના) – સુરત મહાનગરપાલિકા

તા.૧૩.૦૩.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૮૬ ફાઈલના રૂા.૩૪.૪૨ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–૦૬ લોકેશન(ખાડા) ૩૨૦.૦૦ ર.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૯ લોકેશન ૨૩૫૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા આઈ.સી.નાં નાંણા પેટે રૂા.૭૦,૭૦૯/– વસુલ લેવામાં આવેલ, તથા ટી.પી.૬૭(જીઆવ–સોનારી–ગભેણી) મારૂતિનગર તથા યાહયાનગર ના ૩૦ મી. ટી.પી. રસ્તાને નડતરરૂપ ઝુપડા ૩૨૭૦ ચો.મી. દબાણ દૂર કરવામાં આવેલ તથા ટી.પી.૫૯(ઉન) સનાબીલ બેકરી મસ્જીદની લાઈન બી.આર.ટી.એસ.રૂટના નડતરરૂપ ઓટલા ૪૦.૦ ચો.મી. માપ ીવસ્તારમાં દૂર કરવામાં આવેલ આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૪૬ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :૪૬૦ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૪૦.૫૬ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૬.૬૫ લાખ થયેલ છે.,૦૮ ભહ તથા ૦૫ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૨૩૭૪/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૨૮૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૫૫ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૪ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૩૭૬ છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૯૮ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૪૬.૭૭ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૪૪ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૪૮૦૦/–છેતથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૦૫૭૪ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ૨૩૩૦૨ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૪૩ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ૭૭૭ કરવામાં આવેલ છે. જયારે ૨૨ નોટીસ આપવામાં આવેલ છે.

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૦૭/૦૩/૧૫ થી તા.૧૩/૦૩/૧૫ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૨૬૭૫ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૫૯ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૨૭ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૫ |
| ૫ | માયનોર ઓપરેશન | ૧૮ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૩૯ |

# પ્રેસનોટ – નોર્થઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૨/૦૩/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૫૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૩,૮૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૪ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૮૨૨૫ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૧૨ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૩૨ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કતારગામ દરવાજાથી બાળાશ્રમ, કુબેરનગર, પારસ સોસાયટી, વેડરોડ પંડોળ ઈન્ડ., ડભોલી સિંગણપોર રોડ, બાપાસીતારામ ચોક, મગનનગર, વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર, અખંડ આનંદ સ્કુલની સામેનો વિસ્તાર ત્રિલોકનગર, મીનાનગર, લક્ષ્મી કાંત આશ્રમ રોડ, ગજેરા રોડની સોસાયટી, છાપરાભાઠા, ઈ.ડબલ્યુ.એસ. આવાસ વિગેરે વિસ્તારમાંથી કુલ ૫૨૩ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૨૦,૪૬,૩૫૦/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે તથા ૪૪ મિલ્કતોને ઈ.ડબલ્યુ.એસ. આવાસ કોસાડ ખાતે સીલ મારવામાં આવેલ છે જેની સ્થળ ઉપર રૂા.૮૨,૭૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે, ૦૪ મિલ્કતોને જી.આઈ.ડી.સી. કતારગામ ખાતે સીલ મારવામાં આવેલ છે. જેની સ્થળ ઉપર રૂા.૧,૦૨,૩૬૨/– ની વસુલાત કરવામાં આવેલ છે, ૨ મિલ્કતોને નીલકંઠ એપાર્ટમેન્ટ કતારગામ દરવાજા ખાતે સીલ મારવામાં આવેલ છે જેની સ્થળ ઉપર રૂા.૩૦,૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે અને ૨૪ મિલ્કત ગૌતમનગર ઝુંપડપટ્ટી ખાતે સીલ મારવામાં આવેલ છે જેની સ્થળ ઉપર ૧,૧૮,૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૧૨૩ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૫૬ એન્ટ્રીમાં રૂા.૧,૩૪,૬૭૦/– અને આર.સી.ની. ૬૭ એન્ટ્રીમાં રૂા.૮,૧૫,૬૬૦/– મળી કુલ રૂા.૯,૫૦,૩૩૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૯ એન્ટ્રીમાં રૂા.૨૦૦/–, રીન્યુઅલની ૧૪ એન્ટ્રીમાં રૂા.૮૧૦/– અને દંડની રકમની ૦૭ એન્ટ્રીમાં રૂા.૮૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૨૧ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૪ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૪ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

શહેર વિકાસ ખાતા દ્વારા આઈ.સી.ના નાણાં પેટે ફાયનલ ટી.પી. (વ્યાજ સહિત)ના રૂા.૧,૯૧૨/– ની વસુલાત કરવામાં આવેલ.

ઈમ્પેકટ ફી પેટે ૧૪૧ ફાઈલોના રૂા.૨૩,૩૭,૦૨૭/– ની વસુલાત કરવામાં આવેલ.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસ વસુલાત રૂા.૯૧,૭૦૦/–, મિલ્કત ભાડાના રૂા.૪૭૩/–, મંડપ ચાર્જના રૂા.૨૧,૬૪૬/–, દબાણ ચાર્જના રૂા.૨,૯૪૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૫૦૦/– મળી કુલ રૂા.૧,૧૭,૨૫૯/– ની વસુલાત કરવામાં આવેલ છે.

## સ્મીમેર હોસ્પીટલ–કોલેજ – પ્રેસનોટ

૧. સ્મીમેર હોસ્પીટલમાં તા.૦૬/૦૩/૨૦૧૫ થી તા.૧૨/૦૩/૧૫ દરમ્યાન સારવાર લીધેલ પેશન્ટોની આંકડાકીય માહિતી.

| અ.નં. | વિગત | | દર્દીની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | આઉટડોર દર્દી | | ૧૦૧૦૫ |
| ૨ | દાખલ દર્દી | | ૮૯૫ |
| ૩ | એમ.એલ.સી.દર્દી | | ૫૪૧ |
| ૪ | આઈ.સી.યુ.વિભાગ | | ૪૮ |
| ૫ | ડીલીવરી | | ૧૦૪ |
| ૬ | ઓપરેશન | નાના | ૨૫૦ |
| | | મોટા | ૧૦૨ |
| ૭ | રેડીયોલોજી | | |
| | એક્ષ–રે | | ૨૭૧૪ |
| | સોનોગ્રાફી | | ૫૦૬ |
| | એમ.આર.આઈ. | | ૧૩૦ |
| | સી.ટી.સ્કેન | | ૮૮ |
| ૮ | એ.આર.વી. | નવા | ૮૩ |
| | | જુના | ૧૯૮ |
| ૯ | બ્લડ બેંક (યુનીટ) | ડોનર | ૨૧ |
| | | ઈસ્યુ | ૧૮૪ |
| ૧૦ | લેબોરેટરી | | ૨૧૨૧૩ |

વધુમાં મીલ્ક બેંક, આઈ બેંક વિગેરેની સુવિધા પણ ઉપલબ્ધ છે. જે ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે મે.કમિશનરશ્રીના આદેશ અનુસાર તા.૧૨/૦૩/૨૦૧૫ રોજ ખાસ ઝુંબેશ સ્વરૂપે ફુડ વિભાગ અને ઝોનના આરોગ્ય વિભાગના સુપરવાઈઝર સ્ટાફ મારફતે વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી સંદર્ભે હોટલો, ભોજનાલયો, રેસ્ટોરન્ટ, મેશ, ખાણી–પીણીની લારીઓ પર વેચાતા ખાદ્ય પદાર્થના ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ.

આ અભિયાન દરમ્યાન ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતી કુલ ૨૭૮ હોટલો, ભોજનાલયો, રેસ્ટોરન્ટ, મેશ, ખાણી–પીણીની લારી વિગેરે સંસ્થાઓ ચેક કરવામાં આવેલ છે તથા વિવિધ ખામી / ઉણપો બદલ ૫૩ નોટીસ પાઠવી, કુલ રૂા.૫૩,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વધુમાં, આ અભિયાન દરમ્યાન કુલ ૬૯.૮૦૦ કિ.ગ્રા. અખાદ્યપદાર્થનો નાશ કરવામાં આવ્યો, જયારે ૦૪ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો.